ખેડબ્રહ્મા-આંતરસુબાના માર્ગ પર ૬૦૦ થી ૭૦૦ વર્ષ પૌરાણિક નીલકંઠ મહાદેવનું મંદિર-શિવલિંગ આવેલું છે. મંદિરની આસપાસ જે વેલ પાંગરી છે તે લક્ષ્મીપુરાના શ્રી સીતારામજી બાવજીએ ઘણા વર્ષો આવેલી છે. જે આજે પણ મેરિટની શોભામાં વધારો કરે છે. ખેડબ્રહ્મા શહેરની આસપાસ પ્રવાસન સ્થળ તરીકે નીલકંઠ મહાદેવનું મંદિર વિકસી શકે તેવું છે. (તસવીર : વિઠ્ઠલભાઈ સુથાર, લક્ષ્મીપુરા)

બાયડના તેનપુર ગામે પારિવારિક ઝગડાના કારણે પત્નીએ પતિ પર પેટ્રોલ છાંટી સળગાવ્યો

હિંમતનગર, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના બાયડ તાલુકાના તેનપુર ગામે શનિવારની રાત્રીના સમયે પારિવારિક ઝગડાના કારણે પત્નીએ પતિ પર પેટ્રોલ છાંટી સળગાવ્યો હતો. જે હાલ સારવાર હેઠળ અમદાવાદ સિવિલમાં દાખલ છે. આ અંગે આંબલીયારા પોલીસમથકે રવિવારના રોજ સાંજે રામાભાઈ નાનાભાઈ ઠાકોરે ફરિયાદ નોંધાવતા પોલીસે સળગાવનાર પત્નીની ધરપકડ કરી હતી.

આ અંગેની વિગત આપતા આંબલીયારા પોલીસમથકના પી.એસ.આઈ. કે.ડી. બ્રહ્મભટ્ટે જણાવેલ કે તેનપુર ગામે લાલાજી નાનાજી ઠાકોર તેમની પત્ની સીતાબેન અને એક નવ વર્ષ અને પાંચ વર્ષના બે બાળકો સાથે નીલગીરી ફાર્મ પર એક ઘરમાં રહેતા હતા. લાલાજી પર તેમની પત્ની સીતાબેન ખોટો વહેમ રાખતા હતા અને તે અંગે અવારનવાર ઝગડા થતા હતા. પારિવારિક ઝગડાને લઈને શનિવારના રોજ રાત્રીના ૨ વાગેના સુમારે સીતાબેને એકાએક તેમના પતિ લાલાજી ઉપર પેટ્રોલ છાંટી દિવાથી આગ લગાડતા લાલાજી ગંભીર રીતે આગમાં લપેટાઈ ગયા હતા જેમને તાત્કાલિક સારવાર માટે બાયડના વાત્રક સિવિલમાં લઈ ગયા હતા. જ્યાંથી વધુ સારવાર માટે અમદાવાદ સિવિલમાં ખસેડાયેલ હતા જ્યાં સારવાર હેઠળ છે. આ અંગે રવિવારના રોજ સાંજે ગંભીર રીતે દાઝી ગયેલ લાલાજીના ભાઈ રામાભાઈ નાનાભાઈ ઠાકોરે આંબલીયારા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પત્ની સીતાબેન વિરૂદ્ધ કલમ-૩૦૭ મુજબનો ગુનો નોંધી પત્ની સીતાબેનની ધરપકડ કરી હતી.

ખેડબ્રહ્માના શીલવાડ ગામની સીમમાંથી દેશી દારૂ પકડાયો

ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મા પોલીસે આજે શીલવાડ ગામની સીમમાંથી ૮૦ લીટર દેશી દારૂ કિં. રૂ. ૧૬૦૦ અને એક મોટર બાઈક મળી કુલ રૂ. ૨૬,૬૦૦નો મુદ્દામાલ પકડી પાડયો હતો જયારે બાઈક સવાર યુવક નાસી છૂટવામાં સફળ રહ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ખેડબ્રહ્માના શીલવાડ ગામની સીમમાંથી આજે બપોરના સમયે એક બાઈક સવાર પોતાના કબજાની હિરોહોન્ડા બાઈક નં. જીજે ૯ એકયુ ૨૪૮ પર દેશી દારુની કોથળીઓ લઈ જઈ રહ્યો હતો દરમિયાન પોલીસ પેટ્રોલિંગમાં પોલીસને માર્ગ પર આ બાઈક સવાર જોતા બાઈક મુકી ફરાર થઈ ગયો હતો. પોલીસે દશી દારૂ ૮૦ લીટર જેની કિંમત ૧૬૦૦ જયારે બાઈક રૂ. ૨૫,૦૦૦ની જે કુલ મળી મુદ્દામાલ રૂ. ૨૬,૬૦૦ પકડી પાડયો હતો જેની ફરિયાદ પી.એસ.આઈ. વિરલ ચૌધરીએ અજાણ્યા ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ડીસા મીરા મહોલ્લામાં વિજ વોલ્ટેજ હાઈ થતાં ઉપકરણોને નુકસાન

ડીસા, તા. ૧૦

ડીસા શહેરના મીરા મહોલ્લા વિસ્તારમાં વિજ વોલ્ટેજ હાઈ થતા અનેક પ્રકારના વિજકરણો બળી જતા લોકોને મોટુ નુકસાન થવા પામ્યું છે.

ડીસા શહેરમાં અવારનવાર વીજકંપનીની લાપરવાહીને કારણે લોકોને નુકસાની ભોગવવાનો વારો આવ્યો હોવાના બનાવો બની ચુક્યા છે. ચોમાસુ પહેલા જીઈબીતંત્રએ પ્રિમોન્સુનના ભાગરૂપે જોખમકારક સ્થળોએ તપાસ હાથ ધરી વરસાદી માહોલમાં દુર્ઘટના ન બને તેની તકેદારી જીઈબી તંત્રને રાખવાની હોય છે.

પરંતુ ડીસા શહેરમાં વારંવાર વીજ વોલ્ટેઝ હાઈ લો થવાની ઘટનાઓમાં ગ્રાહકોને નુકસાન ભોગવવાનો વારો આવે છે. તેમાં સોમવારે શહેરના સીરા મહોલ્લા વિસ્તારમાં બપોરના સુમારે એકાએક વીજ વોલ્ટેઝ હાઈ લો થઈ જતાં ટીવી, ફ્રીઝ, ઘરઘંટી, ઈસ્ત્રી, વોશિંગમશીન સહિતના ઉપકરણો બળી જતાં લાખોનું નુકસાન થયું હોવાનું રહીશોએ જણાવ્યું હતું. આ બાબતે શહેરના અન્ય વિસ્તારના લોકોએ પણ વિજતંત્ર સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો કે કેટલીક જગ્યાએ જોખમી ડીપીઓ, નીચે લબડતા જીવંત વાયર, પડવાના વાકે ઉભેલા થાંભલા, ખુલ્લા વિજવાયરો દુર્ઘટનાને આમંત્રણરૂપ છે.

ખેડબ્રહ્મા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની બેઠક યોજાઈ

ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મા તાલુકા નિવૃત્ત કર્મચારી મંડળની ૩૦મી વાર્ષિક સાધારણ બેઠક ગત રવિવારના રોજ મળી હતી. જેના અધ્યક્ષ સ્થાને ખેડબ્રહ્મા એસ.બી.આઈ.ના બ્રાન્ચ મેનેજર એ.એચ. ભગોરા ઉપસ્થિત રહ્યા હતાં.

મંડળના પ્રમુખ કિર્તીભાઈ જોષીએ સૌનું સ્વાગત કર્યું હતું. બેઠકના પ્રારંભે મંડળના દિવંગત સભ્યોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી જયારે મંડળના મંત્રી છત્રસિંહ સોલંકીએ મંડળના હિસાબો રજૂ કર્યા હતા તથા પ્રમુખ કિર્તીભાઈ જોષીએ અધ્યક્ષ એ.એચ. ભગોરાનું શાલ ઓઢાડી બહુમાન કર્યું હતું. બેઠકના અંતમાં મંડળના ઉપપ્રમુખ ગંગારામ મિસ્ત્રીએ આભારવિધિ કરી હતી.

મોડાસા લીંભોઈ વાયા પહાડીયા બસ રૂટ વિદ્યાર્થીઓ માટે શરૂ કરેવા માંગણી

મોડાસા, તા. ૧૦

મેઘરજ તાલુકાના ગ્રામ્ય વિસ્તાર માંથી વિદ્યાર્થઈઓને અભ્યાસમાં આવવા માટે બસ સેવાઓ ન હોય કેવી રીતે ચાલી શકે. મોડાસા ડેપોની મેઘરજ-મોટી મોવડી વાયા પહાડીયા પાલ્લા લીંભોઈની બસ સવારના સમયે ચાલુ કરવાની તાત્કાલિક જરૂર છે. અગાઉ આ બસ ચાલુ કરેલ છે. જેપાકા રસ્તાઓ ગવડ હોવા છતાં અગમ્ય કારણોસર બસરૂટ બંધ કરેલ છે. આ બસ બંધ રાખવા માટેના ચિત્ર-વિચિત્ર કારણો લોકમુખે ચર્ચાય છે. મેઘરજથી લીંભોઈ સવારે ૯.૦૦ વાગે સાંજે ૪.૦૦ વાગે બસો આવતી જતી હતી. તે બંધ થવાથી અભ્યાસઅર્થે અપડાઉન કરતાં બાળકોને મુશ્કેલી પડે છે. આ વિસ્તારમાં મજૂર વર્ગ મહિલાઓને પણ પારાવાર પરેશાની ભોગવવી પડે છે. સત્વરે આ રૂટ ચાલુ થાય તેમ આ વિસ્તારની જનતા ઈચ્છી રહી છે.

અખીલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ ડીસા દ્વારા

તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ અને સત્કાર સમારંભ કાર્યક્રમ યોજાયો

ડીસા, તા. ૧૦

ડીસાના લાયન્સ હોલ ખાતે ગતરોજ અખીલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ ડીસા દ્વારા બનાસકાંઠા જીલ્લાના ઠાકોર સમાજના તેજસ્વી તારલાઓનો ઈનામ વિતરણ અને સત્કાર સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાતાઓનુ પણ ઠાકોર વિકાસ સંઘ દ્વારા વિશિષ્ટ સન્માન કરાયું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત સમારંભના અધ્યક્ષ પુંજાજી ઠાકોર (પૂર્વ સાંસદ), સમારંભના ઉદઘાટક નટુજી ઠાકોર (પૂર્વ સાંસદ), જયંતીભાઈ બારોટ (પૂર્વ સાંસદ), સુંદરસિંહ ચૌહાણ (સંસદીય સચીવ), સંત દોલતરામજી મહારાજ, મહંત નિર્માણદાસ, બાલયોગી વિશ્વભારતીજી સહીત અગ્રણીઓએ દીપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો. આ પ્રસંગે ડી.વાય.એસ.પી. યુ.આર.ઠાકોર, શાંતુભા વાઘેલા, કરશનજી વાઘેલા, ઓધારજી ઠાકોર, ધુખજી ઠાકોર સહીત મોટી સંખ્યામાં સંતો મહંતો, મહાનુભવો અને ઠાકોર સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. અને સમાજના લોકોને તેમજ તેજસ્વી તારલાઓને ઈનામ વિતરણ કરી તેઓ ઉતરોત્તર પ્રગતી કરે તેવી શુભકામના આપી પ્રોત્સાહિત કર્યા હતા. અખીલ ગુજરાત ઠાકોર વિકાસ સંઘ દ્વારા મંચસ્થ મહાનુભાવોને પુષ્પગુચ્છ તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યુ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા ઠાકોર વિકાસ સંઘના જીલ્લા મહામંત્રી રમેશભાઈ દેલવાડીયા, શૈલેશભાઈ ઠાકોર, મનોજ ઠાકોર, રમેશ સોલંકી, ગણપતજી ઠાકોર, દિનેશ ઠાકોર, નારણજી સોલંકી વગેરેએ ભારે જહેમત ઉઠાવી હતી.

(તસવીર : કાન્તીલાલ લોધા, ડીસા)

વડાલી ગ્રુપ સેવા સહકારી મંડળીમાં કલાર્કે ખોટા દસ્તાવેજ ઉભા કરતાં ફરિયાદ

હિંમતનગર, તા.૧૦

સાબરકાંઠા જિલ્લાના વડાલીમાં આવેલ વડાલી ગ્રુપ સેવા સહકારી સેવા મંડળીમાં વર્ષ ૨૦૦૫ના સમયગાળા દરમિયાનમાં મંડળીના કલાર્કે સેક્રેટરીના જાણ બહાર સહી સિક્કા કરી ખોટા દસ્તાવેજ ઉભા કરતા વડાલી પોલીસ મથકે રવિવારના રોજ ફરિયાદ નોંધાવી હતી.

વિગત મુજબ વડાલી ગ્રુપ સેવા સહકારી સેવા મંડળીમાં તા. ૯-૭-૨૦૦૫ પછીના કોઈ પણ સમયે મંડળીના સેક્રેટરી વાલજીભાઈ પ્રજાપતિની જાણ બહાર મંડળીના કલાર્ક રામાભાઈ દેશાભાઈ પટેલે જમીન વેચાણ બાબતની ૧ ઉપ-ડીની નોટીસમાં સેક્રેટરીની જાણ બહાર મંડળીના સેક્રેટરીનો સિક્કો મારી તેના ઉપર સહી કરી ખોટા દસ્તાવેજ ઉભા કર્યા હતા. આ અંગે રવિવારના રોજ વડાલી પોલીસ મથકે રેવાભાઈ તળશીભાઈ પટેલે કલાર્ક રામાભાઈ કેશાભાઈ પટેલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસ કલમ ૪૬૫ મુજબનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ખેડબ્રહ્મા શહેર ભાજપ પ્રમુખ તરીકે નારાયણદાસ બારોટની વરણી

ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મા શહેર ભાજપના પાયાના કાર્યકર અને ગુંદેલ ગામના વતની નારાયણદાસ શામળદાસ બારોટની ખેડબ્રહ્મા શહેર ભાજપ પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે. નારાયણદાસની શહેર પ્રમુખ તરીકે વરણી થતા ભાજપના કાર્યકર્તાઓમાં આનંદની લાગણી પ્રસરી હતી અને પ્રજાના વિકટ પ્રશ્નોનું નિરાકરણ લાવશે તેવી લોકોમાં આશા બંધાઈ છે.

પ્રાંતિજના તાજપુર ગામના ઈસમ સાથે છેતરપીંડી થતા ફરિયાદ

હિંમતનગર, તા. ૧૦

પ્રાંતિજના તાજપુર ગામના એક ઈસમ સાથે ગાંધીનગરના ઉવારસદ ગામના એક વ્યક્તિ જે.સી.બી. મશીન કોન્ટ્રાક્ટ પર લીધા બાદ છેતરપીંડી કરતા જે.સી.બી. માલિકે પ્રાંતિજ પોલીસમથકે ફરિયાદ નોંધાવી હતી. જે અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ પ્રાંતિજ તાલુકાના તાજપુર ગામના કનુભાઈ રામાભાઈ પરમારે રૂ. ૨૨.૭૫ લાખનું લીધેલ પોતાનું કેટર ફિલ્યર જે.સી.બી. મશીન ગાંધીનગરના ઉવારસદ ગામના કમલેશભાઈ નાનુભાઈ પટેલને ગત ૯ એપ્રિલ-૨૦૧૨ના રોજ રૂ. ૧૦૦ના સ્ટેમ્પ પર નોટરી સાથે કરાર કરી કોન્ટ્રાક્ટ પર કમલેશભાઈ પટેલને આપ્યું હતું અને કરારમાં લખેલ શરતોનું પાલન કરવા વિશ્વાસ આપી હપ્તા ભરવા તેમજ ખરીદેલ મશીને આર.ટી.ઓ. પાસીંગ માટે ગત તા. ૧૧ મે-૨૦૧૨ના રોજ પ્રાંતિજ ખાતે મશીન મંગાવ્યું હતું. પરંતુ તે મશીન લાવ્યા ન હતા અને ઉપરાંત તેના હપ્તા પણ ભરેલ નહીં અને કરાર રદ કરી કનુભાઈ રામાભાઈ પરમાર સાથે વિશ્વાસઘાત અને ઠગાઈ કરી હતી. આથી કનુભાઈએ પ્રાંતિજ પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે કમલેશભાઈ પટેલ વિરૂદ્ધ ગુનો નોંધી કાયદેસની કાર્યવાહી હાથ ધરી છે.

ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં દાખલાઓ માટે પ્રજાને પડતા ધરમ ધક્કા

ખેડબ્રહ્મા, તા. ૧૦

ખેડબ્રહ્મા તાલુકાની આંતરીયાળ વિસ્તારમાંથી આવતી પ્રજાને ખેડબ્રહ્મા તાલુકા પંચાયતમાં દાખલા લેવા આવતા અને દસ્તાવેજી કામ માટે ધરમ ધક્કા ખાવા પડતા હોવાની બુમરાડ ઉઠવા પામી છે. દૂર દૂરથી આવતી પ્રજાને ૩૦ કિ.મી. સુધીનું અંતર કાપી ત્રણ ત્રણ ધક્કા ખાવા પડે છે. પરંતુ તેમના દાખલાના કામમાં કે.તા.વિ. અધિકારી સહીઓ બાકી રહેતી હોઈ અને અંતરીયાળ વિસ્તારનાં ગામડાઓના અનેક નાના મોટા બીલોમાં પણ સહીઓ અને ઈન્દીરા આવાસ, સરદાર આવાસ મકાનોના ચેકોમાં પણ ધરમધક્કા ખાવા પડતા હોવાની અનેક રજુઆતો ઉઠવા પામી છે. ઉચ્ચ કક્ષાએથી તપાસ કરી અટવાયેલા કાગળો પર તત્કાલ ધોરણે સહીઓ થાય તેવો પ્રજાનો મત છે.

હિંમતનગર ખાતે ચક્ષુદાન જાગૃતિ પરિસંવાદ યોજાયો

હિંમતનગર, તા. ૧૦

રાજ્ય અંધત્વ નિયંત્રણ સમિતિ દ્વારા ચક્ષુદાન જાગૃતિ અભિયાન દ્વારા સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતે શહેરના લાયન્સ કલબ ઓફ હિંમતનગર, લીઓ કલબ, લાયોનેસ કલબના સહયોગથી શનિવારના રોજ સવારે ચક્ષુદાન જાગૃતિ માટેની રેલી નીકળી હતી. અને શહેરના વિવિધ માર્ગો પર ફરી ડૉ. નલીનકાંત ગાંધી ટાઉન હોલ ખાતે પૂર્ણ થઈ હતી અને ત્યારબાદ હોલ ખાતે પરિસંવાદ યોજાયો હતો. જેમાં જિલ્લાના ૨૫ જણાએ ચક્ષુદાન કરવાની પ્રતિજ્ઞા કરી હતી. ઉપરાંત જિલ્લામાં ચાર વર્ષ દરમિયાન ૧૫૯ જણાએ ચક્ષુદાન કર્યા હતા તે પૈકી ૧૩ જણાનું સન્માન કરવામાં આવ્યું હતું અને બે દેહદાન આપનારા પરિવારોનું પણ સન્માન કરવામાં આવ્યુ હતું.

૧૫ દિવસનું ચક્ષુદાન જાગૃતિ અભિયાનનો બરોડાથી પ્રારંભ કરવામાં આવ્યો હતો જેની પૂર્ણાહૂતી સમારોહ શનિવારના રોજ હિંમતનગર ખાતે યોજાયો હતો. જેમાં શનિવારના રોજ હિંમતનગર શહેરના સિવિલ ખાતેથી ચક્ષુદાન જાગૃતિની રેલી નીકળી હતી. જે શહેરના વિવિધ માર્ગો પર ફરી શહેરના ડૉ. નલીનકાંત ગાંધી ટાઉન ખાતે પૂર્ણ થઈ હતી, ત્યાર બાદ હોલ ખાતે ચક્ષુદાન જાગૃતિ અંતર્ગત પરિસંવાદ યોજાયો હતો. જેમાં રાજ્યમાંથી આંખ વિભાગના ટેકનીશીયનો ઉપસ્થિત રહ્યા હતા. ચક્ષુદાન વિષે જણાવેલ કે એક જણ ચક્ષુદાન કરે તો બે જણા જોઈ શકે છે અને ચક્ષુદાન એ મોટું દાન છે તેથી ચક્ષુદાન અવશ્ય કરો તે વિષય પર સમજ આપી હતી. આ અંગે હિંમતનગર સિવિલના સર્જન ડૉ. જયંત ઉપેરીયાએ જમાવેલ કે ચક્ષુદાન પરિસંવાદમાં છેલ્લા ચાર વર્ષમાં ૧૩ તાલુકામાંથી ૧૫૯ જણાએ ચક્ષુદાન કર્યુ હતું. જેનાથી ૧૩ જમાનું સન્માન કરાયું હતું જયારે તાજેતરમાં તલોદ અને અમદાવાદના બે પરિવારો દ્વારા દેહદાન કરવામાં આવ્યું હતું. જે બે પરિવારના સભ્યોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત જિલ્લાના ૨૫ જણાએ આ ચક્ષુદાન પરિસંવાદમાં ચક્ષુદાન કરવાની જાહેરાત કરી પ્રતિજ્ઞા લીધી હતી અને તેમણે ફોર્મ પણ ભર્યા હતા. આ ચક્ષુદાન પરિસંવાદમાં ડૉ. આર.ડી. પરીખ, ડૉ. રાજુ વર્મા, લાયન્સ કલબ પ્રમુખ પ્રતિમા થાપા, લાયોનેસ કલબ પ્રમુખ નિર્મલા પંચાલ, લિયો કલબના પ્રમુખ જય કોટક સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

બનાસકાંઠા જિલ્લા મથક ગુજરાતી ફિલ્મ જગતના અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદી પાલનપુરના મહેમાન બન્યા હતા. કાનુભાઈ મહેતા સાંસ્કૃતિક ભવન ખાતે ઝરમર-ઝરમર વરસાદી મૌસમ વચ્ચે પાલનપુરના વૃંદાવન પરિવાર, રોટરી કલબ ઓફ પાલનપુર અને શૂન્ય સ્મારક ટ્રસ્ટના ઉપક્રમે ગુજરાતી નાટકો અને ફિલ્મોમાં દાયકાઓથી ગ્રેટ અભિનય આપનાર ઉપેન્દ્ર ત્રિવેદીની જીવનયાત્રા ફિલ્મી જગત અંગેની ખાટી-મીઠી વાતો શહેરના રસજ્ઞોને ઉપેન્દ્રભાઈએ કહેતા ક્યારેક તાળીઓ ક્યારેક આંસુ સાથે શ્રોતાગણે માણી - વધાવી હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ટચૂકડી જાહેર ખબર
અટળક નાણાં કમાઓ
વિદ્યાર્થી, ગૃહિણી, રીટાયર્ડ, અભણ, દિવસના ૨/૪ કલાક કામ કરીને ૭ દિવસના રૂ. ૬૦,૦૦૦/- સુધી કમાઓ
મો. : ૯૦૩૩૨૩૨૧૬૩
(અમૂલ્ય તક ૧૦૦%)

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પ્લસ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES APOLLO TYRES
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૬૩૫૧, મો. : ૯૮૨૪૦-૯૪૬૨૮

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન